# રાજ્યસભાના ગુજરાતના ચાર ઉમેદવારોની જાહેરાત

## ભાજપ તરફથી ચુનીભાઈ ગોહેલ, લાલસિંહ વડોદીયા અને શંભુપ્રસાદ ટુંડીયા જ્યારે કોંગ્રેસ તરફથી મધુસુદન મિસ્ત્રીના નામની જાહેરાત કરાઈ

ગાંધીનગર, તા. ૨૭

રાજ્યસભાની ખાલી પડેલી ચારેય બેઠક માટે આજે બન્ને પક્ષો દ્વારા તેમના ઉમેદવારી પત્રો ભરવામાં આવશે. ભારતીય જનતા પક્ષે ત્રણ પૂર્વ ધારાસભ્યોની પસંદગી કરી છે તો કોંગ્રેસે પૂર્વ સાંસદની પસંદગી કરી છે.

સોમવારે સાંજે બન્ને પક્ષો દ્વારા ઉમેદવારોની યાદી સત્તાવાર રીતે જાહેર કરવામાં આવી છે. ભારતીય જનતા પક્ષે નોરીપીટ થીયરીને આગળ ધપાવતાં દલિતના મહંત તરીકે જાણીતા ઝાંઝરકાના શ્રી શંભુપ્રસાદ ટુંડિયા, ખેડાના ઉમરેઠના પૂર્વ ધારાસભ્ય અને વિધાનસભાની ચૂંટણી પૂર્વે જોડાયેલા શ્રી લાલસિંહ વડોદીયા તથા પૂર્વ ધારાસભ્ય શ્રી ચુનીભાઈ ગોહિલની પસંદગી કરી છે.

કોંગ્રેસ પક્ષે સાબરકાંઠાના પૂર્વ સાંસદ શ્રી મધુસુદન મિસ્ત્રીની પસંદગી કરી છે. આ ચારેય ઉમેદવારો આજે તેમના ઉમેદવારી પત્રો ભરશે.

વિજય મુહૂર્તમાં ચારેય ઉમેદવારો તેમના ઉમેદવારી પત્રો ભરનાર હોવાનું જાણવા મળેલ છે.

કોંગ્રેસની પ્રદેશ ચૂંટણી સમિતિની બેઠક પ્રદેશ કાર્યાલય ખાતે મળી હતી જેમાં શ્રી મિસ્ત્રીની પસંદગી અંગેની જાહેરાત કરવામાં આવી હતી. ભાજપ વિધાનસભા પક્ષની બેઠક ગાંધીનગર ખાતે મળી હતી. પક્ષના રાષ્ટ્રીય અગ્રણી શ્રી અનંતકુમારે ત્રણેય ઉમેદવારોના નામની જાહેરાત કરી હતી.

ભાજપમાંથી શ્રી પુરુષોત્તમ રૂપાલા, શ્રી નટુજી ઠાકોર અને શ્રી ભરતસિંહ પરમાર નિવૃત્ત થઈ રહ્યા છે જ્યારે કોંગ્રેસના અલકા ક્ષત્રિય નિવૃત્ત થઈ રહ્યા છે. અલકા ક્ષત્રિયે બેરર્મ સાંસદ તરીકે સેવાઓ આપી છે.

આ બેઠકના નામોની પસંદગીને લઈ રાજકીય આટાપાટા બન્ને પક્ષના નેતાઓ વચ્ચે ચાલી રહ્યા હતા જેનો મોડી સાંજે અંત આવ્યો હતો.

ચૂંટણી અધિકારી શ્રી ડી.એમ. પટેલ સમક્ષ આજે ઉમેદવારી પત્રો રજુ કરાશે જેમાં દસ ધારાસભ્યોના સમર્થન સાથેની દરખાસ્ત હશે.


આપણું પોતાનું અખબાર

પ્રકૃતિ મનુષ્યને અમુક ઊંચાઇ સુધી લાવીને છોડી દે... એ પછીની આગળની યાત્રા તો માણસે જાતે જ કરવી પડે છે
- રજનીશ

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૩૧૬ | ૨૮ જાન્યુઆરી, ૨૦૧૪, મંગળવાર; પોષ વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# મનપાનું ડ્રાફ્ટ બજેટ ૩૧મીએ રજુ કરાશે

## ૫૦ કરોડનું બજેટ હોવાની સંભાવનાઓ : સફાઈ વ્યવસ્થાને સઘન બનાવવા પર ભાર મુકવામાં આવશે : નવા વિકાસકામોને લઈ પ્રવર્તતુ સસ્પેન્શ

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર મનપાનું ૨૦૧૪-૧૫નું ડ્રાફ્ટ બજેટ મ્યુનિ. કમિશનર અને કલેક્ટર ડૉ. પી. સ્વરૂપ ૩૧મીએ સ્થાયી સમિતિ સમક્ષ રજુ કરશે.

મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની ખાસ બેઠક બપોરે ૧૨.૩૦ કલાકે બોલાવવામાં આવી છે. આશિષ દવેના અધ્યક્ષપદે મળનારી આ બેઠકમાં ઈન્ચાર્જ કમિશનર દ્વારા ૨૦૧૩-૧૪નું સુધારેલું બજેટ તથા ૨૦૧૪-૧૫નું અંદાજપત્ર રજુ કરશે.

૨૦૧૩-૧૪ દરમ્યાન વિકાસના કાર્યક્રમોના અમલીકરણમાં તંત્રમાં અટવાયેલા કામો પછી ૨૦૧૪-૧૫માં વિકાસના હાથ ધરવાના નવા કામો અંગેનો રોડમેપ આ બજેટમાં રજુ થશે તેમ મનાઈ રહ્યું છે. ખાસ કરીને વેરા-વસુલાત માટે રિબેટની યોજના આ બજેટમાં સમાવવામાં આવે તેવી શક્યતાઓ છે.

૨૦૧૪-૧૫ના બજેટમાં વિકાસના કામો ઉપરાંત નવા વેરાઓને લી પણ નગરમાં ઉત્તેજનાઓ પ્રવર્તી રહી છે. જો કે નવા કરવેરાઓ રજુ કરવા કરતાં તંત્ર વેરા-વસુલાત પર વિશેષ ભાર મુકશે તેમજ મંજૂર થઈ આવેલ નવી જગ્યાઓને લઈ પગાર-ખર્ચમાં વધારો થવાની શક્યતાઓ વિશેષ છે. નવી જગ્યાઓ જે મંજૂર થઈ છે તે પૈકી કેટલીક જગ્યાઓની ભરતીની પ્રક્રિયા અંતિમ તબક્કામાં હોવાથી આ પગાર ખર્ચ વધવાની શક્યતા છે.

મળતી વિગતો પ્રમાણે આ વખતે મેયર ઉપરાંત ડે. મેયર તેમજ સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન માટે ખાસ ફંડની જોગવાઈ કરવામાં આવશે. ચાલુ વર્ષે મેયરની ગ્રાન્ટમાં કાપ મુકી આ બે પદાધિકારીઓને રૂ. ૫૦ લાખની રકમ ફાળવવામાં આવી હતી જે ઉલ્લેખનીય છે.

મહાનગરપાલિકાનું આ ત્રીજુ બજેટ છે અને તેથી તેનુ કદ પ્રમાણમાં ઘણુ નાનુ હશે એટલુ જ નહિ લગભગ રૂ. ૫૦ કરોડની આસપાસનુ હશે તેમ મનાઈ રહ્યું છે. લોકજીભે થઈ રહેલી ચર્ચાઓ મુજબ વિકાસકામો માટે સભ્યોને ફાળવવામાં આવેલી ગ્રાન્ટના ખર્ચના મોનીટરીંગ માટે અલાયદી વ્યવસ્થા ઉભી કરવી જોઈએ તે અંગે ખાસ સેલ ઉભો કરવામાં આવે છે કે કેમ ? તેને લઈ ચર્ચાઓ થઈ રહી છે. આ ઉપરાંત ૧૩મા નાણાં પંચની ગ્રાન્ટના વપરાશને લઈ કેટલાક વિકાસકામો સૂચવવામાં આવે તેવી શક્યતના નિર્દેશ મળી રહ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

સેક્ટર-૧૧, રામકથાના મેદાન પરથી સંધ્યાના સૌંદર્યને કેમેરામાં ઝીલ્યું....



તસવીર સૌજન્ય : હિરેન ભટ્ટ

## NEWS બિટ્સ

**● મિથુન ચક્રવર્તીએ રાજ્યસભાનું ફોર્મ ભર્યુ**



આજકાલ ફિલ્મી કલાકારો અને ખેલાડીઓને રાજકારણમાં રસ પડવા માંડ્યો છે. જાણીતા અભિનેતા મિથુન ચક્રવર્તી હવે રાજ્યસભામાં પ્રવેશ મેળવશે. તેઓએ તૃણમુલ કોંગ્રેસમાંથી રાજ્યસભાનું ફોર્મ ભર્યુ છે. હેમામાલિની, જયા બચ્ચન, રેખા અને સચિન તેંડુલકર જેવી જાણીતી હસ્તીઓ રાજ્યસભાનું સભ્યપદ ભોગવી રહ્યા છે.

**● સાયન્સ સિટી પાસે પહેલો 'નમો ટી સ્ટોલ'**



હાલમાં શિયાળાની ઠંડીમાં દેશમાં મોદી ચાવાળાની ચર્ચા હોટ ટી ની જેમ ચાલી રહી છે ત્યારે એક મોદીભક્ત ચા વાળાએ અમદાવાદમાં સૌ પ્રથમ મોદી ટી સ્ટોલ શરૂ કર્યો છે. અમદાવાદમાં સાયન્સ સિટીની સામે શરૂ થયેલા આ મોદી ટી સ્ટોલ કમ નાસ્તા હાઉસના સંચાલક મોદી ભક્ત છે. જો કે તેઓ બીજેપીના મેમ્બર નથી.

**● જેડીયુના ધારાસભ્ય કેજરીવાલ પર બગડ્યા**



દિલ્હી પોલીસની સામે ધરણાં કર્યા બાદ મુખ્યમંત્રી કેજરીવાલ પર માછલા ધોવાઈ રહ્યા છે. તેમની ચારેબાજુથી ટીકા થઈ રહી છે. જેડીયુના દિલ્હીના એકમાત્ર ધારાસભ્ય શોએબે મિડીયાના માધ્યમથી અરવિંદ કેજરીવાલને પુછ્યુ છે કે તેમણે સરકાર ચલાવવી છે કે નહી તે સ્પષ્ટપણે કહી દેવુ જોઈએ. ઉલ્લેખનીય છે કે શોએબ આપ સરકારના સમર્થનમાં છે.

**● સલામાનની 'જય હો' અપેક્ષા મુજબ ન ચાલી**




પ્રચાર માટે જાતભાતના હથકંડા અજમાવ્યા બાદ પણ અભિનેતા સલમાનખાનની 'જય હો' એ અપેક્ષા મુજબનો દેખાવ નથી કર્યો. જય હો રીલીઝ થયે ત્રણ દિવસ થયા છે. આ ત્રણ દિવસ દરમ્યાન ૫૮.૮૦ કરોડનો બીઝનેશ થયો છે. પ્રથમ દિવસે એટલે કે શુક્રવારે ૧૭.૫૦ કરોડ, શનિવારે ૧૬ કરોડ અને રવિવારે ૨૫ કરોડનો વકરો 'જય હો'ને થયો હતો.



ખુશ્બુ ગુજરાતકી... - દેશભરમાં 'ખુશ્બુ ગુજરાતકી...' લોકજીભે બોલાય છે... મહાનાયક અમિતાભ બચ્ચન આજકાલ અમદાવાદમાં શુટીંગ માટે આવ્યા છે... અમદાવાદના લૉ-ગાર્ડન, કાલુપુર સ્વામિનારાયણ મંદિર, સરખેજના રોજા જેવા પ્રસિદ્ધ સ્થાનો પર અમદાવાદ અને ગુજરાતના વારસાની સુગંધ દેશભરમાં પ્રસરાવવા પોતાની આગવી અદાથી અમિતાભ બચ્ચન શુટીંગ કરી રહ્યા છે... શુટીંગ દરમિયાન અમિતાભ બચ્ચના ચાહકો ખૂબ જ મોટી સંખ્યામાં શુટીંગના સ્થળોએ ઉમટ્યા હતા. પોલીસને ભીડને નિયંત્રિત કરવા ભરશિયાળે પરસેવો પડ્યો હતો. ગુજરાતના પ્રવાસન ક્ષેત્રને વિશ્વસ્તરે પહોચાડવા બીગ-બીની ભૂમિકા મોટી રહી છે....

# કોંગી ધારાસભ્ય બાવકુ ઉઘાડ ભાજપમાં

## ફળદુએ ઉઘાડને પક્ષનો ખેસ પહેરાવી આવકાર્યા : નરેન્દ્ર મોદીને તાનાશાહ કહેનાર ઉઘાડે મોદીના નેતૃત્વમાં ભારત મહાસત્તા બનશે તેવો પ્રબળ વિશ્વાસ વ્યક્ત કર્યો

અમદાવાદ, તા. ૨૭

સૌરાષ્ટ્રની બાવરા વિધાનસભા મત વિસ્તારના કોંગ્રેસના ધારાસભ્ય બાવકુભાઈ ઉઘાડ આજે કોંગ્રેસ તથા ધારાસભ્ય પદેથી રાજીનામું આપી ભાજપમાં જોડાયા હતા. છેલ્લા ઘણા દિવસોથી બાવકુ ઉઘાડની ભાજપમાં જોડાવવાની જોરદાર અટકળો વહેતી થઈ હતી છેવટે આજે ભાજપના પ્રદેશ પ્રમુખ આર.સી. ફળદુ, ભાજપ કિસાન મોરચાના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પરષોત્તમ રૂપાલા, દિલીપ સંઘાણી ભાજપના પ્રદેશ મહામંત્રી ભરત પંડ્યાની હાજરીમાં બાવુક ઉઘાડે ભાજપમાં વિધિવત રીતે પ્રવેશ મેળવ્યો હતો.

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સામે ખુલ્લેઆમ બળવો કરી કોંગ્રેસમાં




જોડાયા બાદ અત્યાર સુધી નરેન્દ્ર મોદીને તાનાશાહ ગણાવી તેમનો સતત ઉગ્ર વિરોધ કરનાર બાવકુ ઉઘાડે તેમનો સૂર બદલી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં જ ભારત મહાસત્તા બનશે તેમ આજે ભાજપમાં જોડાયા બાદ પત્રકારોને જણાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે હું કોંગ્રેસ છોડી ફરીથી મારા મૂળ ઘરે ભાજપમાં પાછો ફર્યો છું મેં મારા મતવિસ્તારના કાર્યકરો તથા મતદારોને વિશ્વાસમાં લઈને જ પક્ષ બદલ્યો છે તેથી મેં મતદારો સાથે કોઈ પણ પ્રકારનો વિશ્વાસઘાત કર્યો નથી. આગામી દિવસોમાં જિલ્લા સ્તરે સંમેલનો યોજી મોટી સંખ્યામા કોંગ્રેસના મારા સાથી આગેવાનો તથા કાર્યકરો ભાજપમાં જોડાશે તેવો પણ તેમણએ દાવો કર્યો હતો.

અગાઉ ભાજપના પ્રદેશ આર.સી. ફળદુએ બાવકુ ઉઘાડને પક્ષનો ખેસ પહેરાવી ભાજપમાં આવકાર્યા હતા. અને બાવકુ ઉઘાડ સ્વચ્છ પ્રતિભા ધરાવે છે અને નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારત દેશ ખુબ પ્રગતિ કરશે તેવો વિશ્વાસ વ્યક્ત કરી આજે ભાજપમાં જોડાયા છે તમને જણાવ્યું હતું.

● અનુસંધાન પાન-૭ પર

## ગાંધીનગરમાં સમાવિષ્ટ ગામોના માર્ગો માટે ૩.૫૦ કરોડની ફાળવણી

ગાંધીનગર, તા. ૨૭

શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ૭ ગામોમાં નવીન સી.સી. રોડ બનાવવા માર્ગ-મકાન મંત્રી દ્વારા રૂ. ૩.૫૦ કરોડના ખર્ચને મંજુરી આપી છે.

શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ઈન્દ્રોડા, બોરીજ, બાસણ, ધોળાકુવા, પાલજ, આદીવાડા તેમજ ફતેપુરા ગામમાં ટુંકમાં નવીન સી.સી. રોડ બનાવવાનું કામ હાથ ધરવામાં આવશે. માર્ગ-મકાન મંત્રી આનંદીબેન પટેલે આ કામગીરી માટે રૂ. ૩૫૦ લાખના ખર્ચને મંજુરી આપી દીધી છે. ગ્રામ્ય વિસ્તારમાં નવીન રસ્તાઓના નિર્માણ તેમજ જરૂરી રીપેરીંગ માટે કામગીરી ટુંકમાં શરૂ કરી દેવાશે. જેના પરિણામે સ્થાનિક ગ્રામજનોની લાગણી અને માંગણી સંતોષાશે. માર્ગ-મકાન મંત્રી કક્ષાએથી ગ્રામ્ય વિસ્તારના સી.સી. રોડનું કામ મંજુર કરાતા ગ્રામજનો વતી ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય અશોક પટેલે માર્ગ-મકાન મંત્રી પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી છે.


અભિનંદન



શ્રી પ્રવિણભાઈ સી. વાલેરા
પોલીસ ઈન્સ્પેક્ટર, ગાંધીનગર

આપની વિશિષ્ઠ કામગીરીને બિરદાવતા રાષ્ટ્રપતિ ચંદ્રકની જાહેરાતને અંતરના ઉમળકાથી અમે વધાવીએ છીએ...
આપની ઉજ્જવળ કારકિર્દી માટે શુભકામનાઓ પાઠવીએ છીએ...

ગાંધીનગર કલ્ચરલ ફોરમ

અભિનંદન



શ્રી પ્રવિણભાઈ સી. વાલેરા
પોલીસ ઈન્સ્પેક્ટર, ગાંધીનગર

આપની વિશિષ્ઠ કામગીરીને બિરદાવતા રાષ્ટ્રપતિ ચંદ્રકની જાહેરાતને અંતરના ઉમળકાથી અમે વધાવીએ છીએ...
આપની ઉજ્જવળ કારકિર્દી માટે શુભકામનાઓ પાઠવીએ છીએ...

ચેતન પટેલ

SIDDHRAJ